ગાંધીનગર સમાચાર

# શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં માતૃ-પિતૃવંદના દિવસ



ગાંધીનગર, તા. ૧૪

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ કોલેજમાં માતા-પિતાની પૂજા કરી વેલેન્ટાઈન્સ ડે નહીં પણ માતૃ-પિતૃવંદના દિવસ ઉજવ્યો હતો એટલું જ નહિ, કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફના એક ગ્રુપે ગાંધીનગરના કૈલાસધામ ઘરડાઘરમાં જઈની વડીલો સાથે અનોખી રીતે વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી કરી વડીલોને ખુશ કરી દીધા હતા. ગાંધીનગર સેક્ટર-૨૨ માં આવેલી શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક કોલેજમાં આજ રોજ વેલેન્ટાઈન્સ ડેએ ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે માતા-પિતાને કુમકુમ તિલક કરી, ચરણપૂજન કર્યું હતું અને ત્યારબાદ માતા પિતાની પ્રદક્ષિણા ફરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના માતાપિતાની પ્રદક્ષિણા કરી ચરણ સ્પર્શ કર્યા ત્યારે માતા-પિતા ભાવુક થઈ ગયા હતા અને પોતાના બાળકોને ભેટી પડ્યા ત્યારે કેમ્પસમાં ઉપસ્થિત સૌ કોઈ ભાવવિભોર થઈ ગયા હતા.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના સંતો રામકૃષ્ણ સ્વામી, અક્ષરપ્રકાશ સ્વામી તેમજ પ્રિન્સિપાલ પ્રો. ધર્મેશ વંડરા દ્વારા દીપ પ્રાગટ્ય કરી વંદના મહોત્સવમાં કહ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ અને પરંપરા તો જ સચવાશે જો ભાવિ પેઢી માતૃ દેવો ભાવ, પિતૃ દેવો ભવની ભાવના કેળવશે. આપણી કુટુંબ પ્રથા સાચવવા સ્કૂલ- કોલેજમાં વિદ્યાર્થીઓને સંસ્કાર આપવા જરૂરી છે. સંસ્થાનો ઉદ્દેશ સમાજમાથી વૃધ્ધાશ્રમ પ્રથા નાબૂદ કરવાનો છે. દરેક વિદ્યાર્થી તેના માતા-પિતાની જીવન પર્યંત સેવા કરે અને તેના સંસ્કાર તેની નવી પેઢીને આપે તે અર્થે આવા કાર્યક્રમનું આયોજન કરેલ હતું. સ્વામીજીએ આશીર્વચનમાં કહ્યું હતું કે જે દેવે માતપિતા દ્વારા જન્મ લીધો છે તે જ પૂજનીય થયેલ છે તેમ ઈશ્વરને પણ જગતમાં આવવા માતપિતાની જરૂર છે અને ઈશ્વર દરેક સુધી માતા-પિતા સ્વરૂપે જ પહોંચે છે તો માતા-પિતાની સેવા જ સાચી ભક્તિ છે.

ઉલ્લેખનીય બાબત એ રહી કે કોલેજીયન વિદ્યાર્થીઓએ એવી પ્રતિજ્ઞા કરી હતી કે હવે અમે દરરોજ માતા-પિતાના આશીર્વાદ લઈને જ ઘરનો ઉંબરો ઓળંગીશું.

બીજી તરફ ગાંધીનગર વિસ્તારમાં આવેલા કૈલાસધામ ઘરડાઘરમાં કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફના એક ગ્રુપે વડીલો સાથે અનોખી રીતે વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી કરી હતી. આ ગૃપ સવારમાં ઘરડાઘર પહોચી ગયા હતા અને દરેક વડીલની પૂજા કરી હતી અને મોં મીઠું કરાવી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. યંગસ્ટર્સે વડીલો સાથે ખાસો સમય પસાર કરી તેમને ખૂશ કરી દીધા હતા.

### કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે

# "યુવાનો માટેની દસ અસરકારક આદતો" વિષયે વર્કશૉપ





ગાંધીનગર, તા. ૧૪

યુવાન આ દેશનું સાચું ધન છે. કોઈપણ પ્રકારની ક્રાંતિમાં હમેશા યુવાનો મોખરે રહ્યા છે અને હરહમેશ તેમનામાં નવસર્જન કરવાની તમન્ના અને આદર્શોને વ્યવહારમાં ઉતારવાનો ઉત્સાહ હોય છે. આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં, ગણાબધા પડકારો અને પરિવર્તન વચ્ચે યુવાનો આગળ વધતા હોય છે ત્યારે જીવનમાં આંતરિક અને બાહ્ય શકિતઓને નિખારવા સારી આદતોનું ખુબ જ મહત્વ વધી જતું હોય છે તેવા સમયમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સર્વ વિદ્યાલયના યુવાનોમાં સારી આદતો કેળવાય, તેઓ સભાન બની જવાબદારી પૂર્વક જીવનમાં આગળ વધે માટે "યુવાનો માટેની દસ અસરકારક આદતો" વિષય પર એક ખાસ પ્રકારનો એક દિવસીય વર્કશોપ મગળવારના રોજ મેકેનીકલ હોલ, એલ.ડી. આર. પી., સેક્ટર-૧૫ ખાતે યોજાયો જેમાં સ્વેચ્છિક અને ઉત્સાહપૂર્વક ૨૮૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર વર્કશોપમાં મેનેજમેન્ટ ટ્રેનર તરીકે કામ કરતા સુરેશ પટેલ સાહેબ ઉપસ્થિત રહી સારી આદતો કેવી રીતે કેળવવી અને તેનું જીવનમાં શું મહત્વ છે સાથે વિવિધ આદતો જેમકે ઈચ્છાપૂર્વક પ્રસન્નતા રાખવી, જવાબદારીપૂર્વક પ્રતિભાવ આપવો, કુશળતાપૂર્વક સ્થિતિ તપાસી આગળ વધવું, લક્ષ્ય અનુરૂપ પ્રવૃત્તિ કરવી, અગ્રીમતાપૂર્વક નિર્ણય કરવો, સંબંધપૂર્વક કાર્ય કરવું, આદરપૂર્વક સાંભળવું, સહયોગ-પૂર્વક પરિણામ પ્રાપ્ત કરવું, નિષ્ઠાપૂર્વક સતત વિકાસ કરવો અને નિયમિત રીતે અન્યને મદદ કરતા રેહવાની આદતો કેળવવાની સલાહ આપી જીવનમાં તેને કેવી રીતે ઉતારી શકાય તેનું પણ જિણવટપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે હાજર વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નો પૂછી વધુ સ્પસ્ટતા મેળવી હતી. વર્કશોપના ઉદઘાટન સત્રમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ડાયરેક્ટર ડો. ગાર્ગી રાજપરા, ડો. વિજ્ઞા ઓઝા, ડો. રણછોડ રથવી અને ડો. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક ઉધ્બોધન કરી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમ સંસ્થાનાં ચેરમેન વલ્લભભાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેનું આયોજન સર્વ નેતૃત્વના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્ર પટેલ અને સંચાલન સર્વ નેતૃત્વની પૂર્વ તાલીમાર્થી કોમલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી સુરજ મુંજાણી, આશિષ પટેલ, રજત જોશી, કૌશિક કલાલ, વૃંદા, મિત કોયાણી, દીપ બોડા, તન્મય પટેલ, પ્રણવ દેસાઈ, પૂર્વી પટેલ, હની પટેલ, જીગ્નેશ, શ્રીનીધી અને ઉદયભાઈ વૈદ્ય દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય કામગીરી કરવામાં આવી હતી.

## ગાંધીનગરમાં સંતવાણી, લોક ડાયરો યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી ગાંધીનગરના ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે તાજેતરમાં સંતવાણી અને લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય કલાકાર તરીકે સુરેશ રત્નોત્તર તથા સાથી કલાકાર ચિમનલાલ રત્નોત્તર, કલ્પના પંડ્યા, ગાયત્રી સોની દ્વારા દૂહા, છંદ, લોકગીત, ભજનની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમ સંચાલન કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા કરવામાં આવ્યું હતું. પુલક ત્રિવેદી, સંજય થોરાત, નટવર હેડાઉ, પ્રતાપસિંહ ડાભી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ દ્વારા

# 'ધરોહર - કલાત્મક અને સાંસ્કૃતિક ગુજરાતનો વારસો' પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમમાં 'ધરોહર - કલાત્મક અને સાંસ્કૃતિક ગુજરાતનો વારસો'નું આયોજન શુક્રવારના રોજ સેન્ટર ફોર ડેવલોપમેન્ટ એન્ડ કમ્યુનિકેશન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના અલગ અલગ પ્રાંતોની સંસ્કૃતિ, કાલા, પરંપરા, રહેણીકરણી, ખાનપાન, પહેરવેશ વગેરેની સુંદર ઝાખી કરવામાં હતી. આ સંપૂર્ણ એકિઝબિશનનું કાર્યભાર ડિપાર્ટમેન્ટમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું . એચ.ઓ.ડી. ડૉ. સોનલ પંડ્યા, પ્રો. કેતન મોદી અને પ્રો. સમીરભાઇના માર્ગદર્શન હેઠળ એક્ઝિબિશન યોજવામાં આવ્યું હતું. ધરોહર પ્રદર્શનમાં ગુજરાતના જાણીતા કવિ અંકિત ત્રિવેદી, વિભાગ અધ્યક્ષ ડૉ. સોનલ પંડ્યા, પૉલિટીકલ ઍક્સપર્ટ ડૉ. હરી દેસાઈ તથા પાર્થ પટેલે હાજરી આપીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત પ્રદર્શનીમાં કચ્છથી લઈને સૌરાષ્ટ્ર સુધીની ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ આવરી લેવામાં આવી હતી. જેમાં ટિપ્પણી નૃત્ય, રાસ તથા ડાંગની આગવી ઓળખ 'ટાપરું' વાદ્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. વારલી ચિત્રો વિધાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા જેમ સોનામાં સુગંધ ભળે એમ આ ચિત્રોએ પ્રદર્શનમાં ભાગ ભજવ્યો હતો. આવા વિવિધ માધ્યમો દ્વારા ગુજરાતની કાળા અને સંસ્કૃતિ ને સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી.



બાળકોમાં સંઘભાવના અને ખેલદિલીની ભાવના વિકસે તે હેતુથી લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થી રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, સ્લો સાઈકલ, ગોળાફેંક, મટકા ફોડ, સંગીત ખુરશી, રાઈફલ શૂટીંગ, ક્રિકેટ જેવી રમતોનું આ રમતોત્સવ અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવમાં કેજીથી ધોરણ-૯ સુધીના કુલ ૩૫૦ બાળકોએ ભાગ લીધો હતો. રમતને અંતે વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# "પંદર વરસ ત્રણ દિવસ" નાટકનું મંચન આજે યોજાશે

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી જે એ ઑડિટોરિયમ ખાતે નાટકની ભજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૪

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ નું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિ નું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુથી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પોને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના આર્થિક સહયોગથી ગુજરાતી નાટક "પંદર વરસ ત્રણ દિવસ"નું જાહેર મંચન ભવન જે. એ. ઓડીટોરીયમમાં યોજાશે. જેનું દિગ્દર્શન અને લેખન જીગર રાણાએ કર્યું છે. જેલ માંથી ભાગીને આવેલા એક કેદી એક પરિવારને પોતાના બાનમાં રાખે છે અને એ પરિવાર તેની પૃષ્ઠભૂમિ અને ગુનાનું કારણ સમજી એને સાચા માર્ગે દોરે છે તથા એને પોલીસનાં હવાલે જવાનું સમજાવે છે એ નાટકની કથા છે. સામે આવતી કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને કેવા અભિગમથી અપનાવવામાં આવે છે અને અવસ્થામાંથી વ્યવસ્થાનું સર્જન કરવામાં આવે છે, તેવા હાર્દ સાથે આ નાટકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ નાટકની ભજવણી ૧૫.૦૨.૨૦૧૯, શુક્રવારના રોજ ભવન્સ જે. એ. હોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે થવાનું છે. જે જાહેર જનતા માટે નિશુલ્ક રહેશે.

નાટકના મુખ્ય કલાકાર મૃદંગ રાણા, ઉરેન અલમૌલા, નીરવ પરમાર, ક્રિષ્ના જોશી છે. સંગીત નીરવ વૈદ્ય, પ્રકાશ નીરવ વેગડા અને નેપથ્ય સાગર દાંતણીયા કરી રહ્યા છે.

# ગાંધીજી અને બાળકેળવણી

સન ૧૮૨૭ના જાનેવારીમાં હું ડરબન ઊતર્યો ત્યારે મારી સાથે ત્રણ બાળક હતાં. મારો ભાણેજ દશેક વર્ષની ઉંમરનો, મારો મોટો દીકરો નવ વર્ષનો, અને બીજો દીકરો પાંચ વર્ષનો. આ બધાને ક્યાં ભણાવવા ?

ગોરાઓને સારુ જે નિશાળો હતી તેમાં હું મારા છોકરાઓને મોકલી શકતો હતો, પણ તે કેવળ મહેરબાની અને અપવાદ દાખલ. બીજાં બધાં હિંદી બાળકો ત્યાં ભણી શકે તેમ નહોતું. હિંદી બાળકોને ભણાવવા સારુ ખ્રિસ્તી મિશનની નિશાળો હતી. તેમાં હું મારાં બાળકોને મોકલવા તૈયાર નહોતો. ત્યાં અપાતી કેળવણી મને ગમતી નહોતી. ગુજરાતી દ્વારા તો ત્યાં શિક્ષણ મળે જ ક્યાંથી ? અંગ્રેજી દ્વારા જ મળે, અથવા બહુ પ્રયાસ કરીએ તો અશુદ્ધ તામિલ કે હિંદી દ્વારા. આ અને બીજી ખામીઓ હું જીરવી શકું તેમ નહોતું.

હું પોતે બાળકોને ભણાવવા થોડો પ્રયત્ન કરતો, પણ તે અત્યંત અનિયમિત હતો. ગુજરાતી શિક્ષક મને અનુકૂળ આવે તેવો હું ન શોધી શક્યો.

હું મૂંઝાયો. મને રુચે તેવું શિક્ષણ બાળકોને મળે એવા અંગ્રેજી શિક્ષકને સારુ મેં જાહેરખબર આપી. તેનાથી જે શિક્ષક મળી આવે તેની મારફત થોડું નિયમિત શિક્ષણ આપવું, ને બાકી મારે પંડે જેમતેમ ચલાવવું એમ ધાર્યું. એક અંગ્રેજી બાઈને સાત પાઉન્ડના પગારથી રોકી ને કંઈક આગળ ગાડું ચલાવ્યું.

મારો વ્યવહાર બાળકો સાથે કેવળ ગુજરાતીમાં જ રહેતો. તેમાંથી તેમને કંઈક ગુજરાતી મળી રહેતું. દેશ મોકલી દેવા હું તૈયાર નહોતો. મને તે વેળા પણ એમ લાગતું કે, બાળક છોકરાંઓ માબાપથી વિખૂટાં ન રહેવાં જોઈએ. જે કેળવણી બાળકો સુવ્યવસ્થિત ઘરમાં સહેજે પામે છે તે છાત્રાલયોમાં ન પામી શકે. તેથી મોટે ભાગે તેઓ મારી સાથે જ રહ્યાં. ભાણેજ અને મોટો દીકરો એ બેને થોડાક મહિના દેશમાં મેં જુદાં જુદાં છાત્રાલયોમાં મોકલેલા ખરા, પણ ત્યાંથી તેમને તુરત પાછા બોલાવી લીધા. પાછળથી મારો મોટો દીકરો, ઠીક ઉંમરે પંહોચ્યા બાદ, પોતાની ઈચ્છાએ અમદાવાદની હાઈસ્કૂલમાં ભણવા ખાતર, દક્ષિણ આફ્રિકા છોડી આવેલો. મારા ભાણેજને હું જે આપી શક્યો હતો તેથી તેને સંતોષ હતો એવો મને ખ્યાલ છે. તે ભરજુવાનીમાં થોડા જ દિવસની માંદગી ભોગવી દેવલોક પામ્યો. બીજા ત્રણ દીકરા કદી કોઈ નિશાળે ગયા જ નથી. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહને અંગે મેં સ્થાપેલી શાળામાં તેઓ થોડો નિયમિત અભ્યાસ પામેલા.

મારા આ પ્રયોગો અપૂર્ણ હતા. બાળકોને હું પોતે આપવા માગતો હતો એટલો સમય નહોતો આપી શક્યો. તેથી અને બીજા અનિવાર્ય સંજોગોને લઈને હું ઈચ્છું તેવું અક્ષરજ્ઞાન હું તેમને ન આપી શક્યો. મારા બધા દીકરાઓની ઓછાવતા પ્રમાણમાં આ બાબતમાં મારી સામે ફરિયાદ પણ રહી છે. કારણ જ્યારે જ્યારે તેઓ 'બી. એ.', 'એમ. એ.' અને 'મૅટ્રિક્યુલેટ'ના પણ પ્રસંગો આવે ત્યારે પોતે નિશાળમાં ન ભણવાની ખામી જુએ.

આમ છતાં મારો પોતાનો એવો અભિપ્રાય છે કે, જે અનુભવજ્ઞાન તેઓ પામ્યા છે, માતાપિતાનો જે સહવાસ તેઓ મેળવી શક્યા છે, સ્વતંત્રતાનો જે પદાર્થપાઠ તેમને શીખવા મળ્યો છે, તે જો મેં, તેઓને ગમે તે રીતે નિશાળે મોકલવાનો આગ્રહ રાખ્યો હોત તો તેઓ ન પામત. તેઓને વિશે જે નિશ્ચિંતતા મને આજે છે તે નહોત; અને તેઓ જે સાદાઈ અને સેવાભાવ શીખ્યા છે તે, મારાથી વિખૂટા પડી વિલાયતમાં કે દક્ષિણ આફ્રિકામાં કૃત્રિમ કેળવણી પામ્યા હોત, તો ન કેળવી શકત; બલકે તેઓની કૃત્રિમ રહેણી મારા દેશકાર્યમાં મને વિઘ્નકર્તા થઈ પડત.


તેથી, જોકે હું તેઓને ઈચ્છું તેટલું અક્ષરજ્ઞાન નથી આપી શક્યો, તોપણ મારો પાછલા વર્ષોનો વિચાર કરું છું ત્યારે, તેઓના પ્રત્યેનો મારો ધર્મ મેં યથાશક્તિ નથી બજાવ્યો એવો ખ્યાલ મને નથી આવતો, નથી મને પશ્ચાતાપ થતો એથી ઊલટું, મારા મોટા દીકરાને વિશે હું જે દુખદ પરિણામ જોઉં છું તે મારા અધકચરા પૂર્વકાળનો પ્રતિધ્વનિ છે એમ મને હમેશાં ભાસ્યું છે. તે કાળે તેની ઉંમર જેને મેં દરેક રીતે મારો મૂર્છાકાળ, વૈભવકાળ માન્યો છે તેનું તેને સ્મરણ રહે, તેવડી હતી. તે કેમ માને કે તે મારો મૂર્છાકાળ હતો ? તે કાં ન માને કે, તે મારો જ્ઞાનકાળ હતો અને તે પછી થયેલાં પરિવર્તનો અયોગ્ય અને મોહજન્ય હતાં ? તે કાં એમ ન માને કે, તે કાળે હું જગતના ધોરી માર્ગે જતો હતો અને તેથી સુરક્ષિત હતો, અને ત્યાર પછી કરેલા ફેરફારો મારા સૂક્ષ્મ અભિમાનની અને અજ્ઞાનની નિશાની હતા ? જો મારા દીકરા બારિસ્ટર ઈત્યાદિ પદવી પામ્યા હોત તો શું ખોટું થાત ? મને તેમની પાંખ કાપવાનો શો અધિકાર હતો ? મેં કાં તેમને પદવીઓ લેવા દઈ મનગમતો જીવનમાર્ગ પસંદ કરવાની સ્થિતિમાં ન મૂક્યા ? આવી દલીલ મારા કેટલાક મિત્રોએ પણ મારી પાસે કરી છે.

મને આ દલીલમાં વજૂદ નથી લાગ્યું. હું અનેક વિદ્યાર્થીઓના પ્રસંગમાં આવ્યો છું. બીજાં બાળકો ઉપર મેં બીજા અખતરા પણ કર્યા છે અથવા કરાવવામાં હું મદદગાર થયો છું. તેનાં પરિણામો પણ મેં જોયાં છે. એવાં બાળકો અને મારા દીકરાઓ આજે એક હેડીના છે. હું નથી માનતો કે તેઓ મારા દીકરાઓ કરતાં મનુષ્યત્વમાં ચડી જાય છે, અથવા તેઓની પાસેથી મારા દીકરાઓને ઝાઝું શીખવાપણું હોય.

છતાં, મારા અખતરાનું છેવટનું પરિણામ તો ભવિષ્યમાં જ જણાય. આ વિષયને અહીં ચર્ચવાનું તાત્પર્ય તો એ છે કે, મનુષ્ય જાતિની ઉત્ક્રાંતિનો અભ્યાસી, ગૃહકેળવણી અને નિશાળની કેળવણીના ભેદનું, અને પોતાની જિંદગીમાં માબાપોએ કરેલાં પરોવર્તનોની પોતાનાં બાળકો ઉપર થતી અસરનું, યત્કિંચિત્ માપ કાઢી શકે.

વળી સત્યનો પૂજારી આ અખતરામાંથી સત્યની આરાધના તેને ક્યાં સુધી લઈ જાય છે એ જોઈ શકે, અને સ્વતંત્રતા દેવીનો ઉપાસક એ દેવી કેવા ભોગો માગે છે એ જોઈ શકે, એ પણ આ પ્રકરણનું તાત્પર્ય છે. બાળકોને મારી સાથે રાખ્યા છતાં જો મેં સ્વમાન જતું કર્યું હોત, બીજાં હિંદી બાળકો ન પામી શકે તે મારાંને વિશે મારે ન ઈચ્છવું જોઈએ એ વિચારને મેં ન પોષ્યો હોત, તો હું મારા બાળકોને અક્ષરજ્ઞાન આપી શકત ખરો. પણ ત્યારે તેઓ જે સ્વતંત્રતા અને સ્વમાનનો પદાર્થપાઠ શીખ્યા તે ન શીખી શકત. અને સ્વતંત્રતા અને અક્ષરજ્ઞાન વચ્ચે જ પસંદગી રહી છે, ત્યાં કોણ કહેશે કે સ્વતંત્રતા અક્ષરજ્ઞાન કરતાં હજારગણી વધારે સારી નથી ?

જે નવજુવાનોને મેં ૧૯૨૦ની સાલમાં સ્વતંત્રતાઘાતક નિશાળો ને કૉલેજો છોડવાનું નિમંત્રણ કર્યં, અને જેઓને મેં કહ્યું કે, સ્વતંત્રતાને ખાતર નિરક્ષર રહી જાહેર રસ્તા પર પથ્થર ફોડવા તે ગુલામીમાં રહીને અક્ષરજ્ઞાન મેળવવા કરતાં સારું છે, તેઓ હવે મારા કથનનું મૂળ કદાચ સમજી શકશે.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર